# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૧૨ • તા.૨ જુલાઈથી ૮ જુલાઈ ૨૦૨૨




**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.





# કચ્છ શક્તિ એવોર્ડમાં કેડીઓનો દબદબો


DON'T
Compromise!
Portability Benefits Available
"HEALTH INSURANCE"
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**

**જયંત વસનજી છેડા**

**રાજેન્દ્ર મણિલાલ ખોના**

**પ્રવીણ હંસરાજ લોડાયા**

**કીર્તિકુમાર ધનજી ધરમશી**



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.


**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**


http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# જીવનના સુખ મળે એ પ્રભુની પ્રસાદી

જીવનમાં સાચું સુખ અને શાંતિ આપણા હૃદયમાંથી જન્મે છે. મનની શાંતિ વગર મળતા સુખચેન અંજપો પેદા કરે છે. સારી દ્રષ્ટિ સાથે સારા ભાવ, સારા વિચારો સાથે પરહિત કલ્યાણની કામના હોય તો દુનિયા બદલાઈ જાય છે. સારી દ્રષ્ટિ કેળવવા ગુણાનુ રાગી બનવું પડે છે. નકારાત્મક વલણ, શંકા, પૂર્વગ્રહ, ઈર્ષા અદેખાઈના ભાવ સાથો સાથ અવિશ્વાસ, જડ માન્યતા દૂર કરવી પડે છે. ભ્રાતૃભાવના કેળવવાથી અન્ય તથા અજાણી વ્યક્તિઓનો પ્રેમ પામી શકાય છે. પ્રેમએ જીવનનું મીઠું અને મોંઘુ અમૃત છે. તે પૈસાથી કદી મળતું નથી. પ્રેમ આપીને પ્રેમ લઈ શકાશે. જીવનમાંથી જેટલો પ્રેમ બીજા માટે ઢોળીશું, વહાવી શું તેટલો તે આપણને સામો પ્રાપ્ત થશે.

સુખ ત્રણ પ્રકારના છે. તન, મન અને ધનનું. માણસ માત્રની ઈચ્છા કે કામના આ ત્રણેય સુખ મળે એ હોય છે. પણ, હકીકતમાં આ ત્રણેય સુખ કોઈને મળતાં નથી. સૌ જણ ધનનું સુખ મળે એની કામના કરે છે. પણ મનમાં શાંતિ નહીં હોય કે તન નિરોગીમય નહીં હોય તો શું સુખ ભોગવવા મળશે? પહેલું સુખ જાતે નર્યા. શરીર સ્વસ્થ, તન તંદુરસ્ત હશે તો જે સુખની ઓછપ હશે તેને પ્રાપ્ત કરવા પુરૂષાર્થ કરી શકાશે માટે તનનું સુખ પ્રથમ પ્રાપ્ત થવું જરૂરી છે. શારીરિક શક્તિનો ઉપયોગ શ્રમ કરવા માટે તેમજ આનંદ પ્રમોદ માટે પણ થઈ શકશે.

એવુંજ મનનું છે. ડગુમગુ વિચલિત મન કોઈ સુખને સુખેથી ભોગવા ન દેશે. શરીર બીમાર હોય તો એકવાર ચાલી જાય. પણ જો મન કમજોર તાકતહીન અને અશાંત હશે તો જીવનમાં ઉત્પાત સર્જી દેશે. જીવનમાં ક્ષમતા અને સ્થિરતા મન દ્વારા મળે છે. મનમાં તૃપ્તિ ન હોય. સંતોષ રોટલાને મીઠો અને મોંઘેરો બનાવી દે છે. જે મળ્યું છે તેને સુખીથી માણવાના ભાવ મન જ પેદા કરે છે. ચંચળવૃતિ ધરાવતું મન પોતે પણ અશાંત રહે છે અને આપણા સમગ્ર જીવનને અશાંત અને ઉપદ્રવી કરે છે.

તન, મન અને ધનના સુખ સાથો સાથ મળે એ માનવી ખરેખર ભાગ્યશાળી ગણાય. ધનથી ભૌતિક વસ્તુઓ, બજારૂ જણ સો તો આસાનીથી ખરીદી શકાય છે. પણ આનંદ અને ખુશી જરૂરી છે. તે વગર જીવન શુષ્ક અને રસવિહીન બની જાય છે. કોઈનો છળ, કપટ કરી પ્રાપ્ત કરેલું ધન કે સંપતિ આખરે અશાંતિ આપે છે અને વિનાશના કારણો સર્જે છે.

તનનું આરોગ્ય મનમાં શાંતિ અને પર્યાય પુરૂષાર્થથી પ્રાપ્ત થયેલું ધન એ પ્રભુ પરમાત્મા દ્વારા મળેલી પ્રસાદી છે. અનહદ કૃપા છે. પોતાને મળેલા સુખ અન્યો માટે વાપરવા એનો આનંદ અઢળક છે. પોતાને પ્રભુકૃપાએ મળેલ સુખ અન્ય માટે ખુશી સર્જે એનો આનંદ અનેરો હોય છે. જે હૃદયમાં સમાતો નથી. માટે તન, મન અને ધનનો ત્રિવિધ સુખની જાળવણી જતનપૂર્વક કરવી.

– જય જ્ઞાતિમૈયા

# સુખ અને દુ:ખનો સમય

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

આપણું મન સુખની યાદોને સતત સંભાળી રાખવા ઈચ્છે છે અને દુ:ખની કડવી વાતોને ભૂલી જવા માંગે છે. કષ્ટભર્યો સમય, અઘટિત યાદો પોતાની ભૂલ, પોતાનો પરાજ્ય કોઈને યાદ રાખવો ગમતો નથી. આપણે અંધકાર ભર્યા સમયને ભૂલવા મથીએ છીએ અને સુખદ સોનેરી પળોને સતત સંભાળી રાખવા માંગીએ છીએ.

જીવનના સમય ચક્રમાં ચડાવ ઉતાર સતત આવતો રહે છે. સુખદ સમયનું સંભારણું સતત મનમાં જતનપૂર્વક સચવાયેલું હોય છે. આપણે સતત આજના સમયને વિતી ગયેલ સમય સાથે સરખામણી કરતાં રહીએ છીએ. સમય સારો કે ખરાબ હોતો નથી. આપણે કેવી રીતે તેને પસાર કર્યો છે એ જ મહત્વનું છે દર વખતે આપણને એમ થાય છે તે આના કરતાં પહેલાં સારું હતું. જ્યારે પણ જીવનમાં મુશ્કેલી આવશે. પોતાનું ધાર્યું નહીં થાય. કપરી પરિસ્થિતિનો સામનો કરવો પડશે ત્યારે થશે કે આના પહેલાં વિતાવેલો સમય સારો હતો. કોઈપણ સમયે સર્જાતા પ્રશ્નો કંઈ રીતે આપણે નિરાકરણ કરીએ છીએ. તેમાં એડજેસ્ટ થઈએ છીએ તે મહત્વનું છે. આપણને વિતેલો સમય સારો એટલા માટે લાગે છે કે તે વિતી ગયા પછી શું પરિણામ આવ્યું તે આપણને ખબર છે જ્યારે આજનો સમય વિતાવતા શું આગળ પરિણામ, અંજામ આવશે તેની કલ્પના આપણને હોય છે પણ યર્થાથ હકીકત આપણને નથી હોતી. કષ્ટ યાતના, પીડા, તણાવ સર્જાતો સમય વીતી ગયા પછી મીઠો અને યાદગાર લાગે છે એટલે જ વીતેલો સમય સારો લાગે છે. ગમે તેટલું મોટું દુ:ખ હોય સમય સાથે ભુલાઈ જાય છે. દુ:ખને કાયમ માટે પકડી રાખી શકાતું નથી. આપણે કાયમને માટે સુખની કે દુ:ખની પરિસ્થિતિમાં રહી શકીએ નહીં. એક ધારા સુખ અને દુ:ખ એક બીજામાં મળી જતાં હોય છે. દુ:ખ વગર સુખની અને સુખ વગર દુ:ખની કલ્પના કરવી મુશ્કેલી છે. બંન્ને એકબીજા પર આધારિત છે.

સુખ અને દુ:ખ, સારું અને નરસું બધું આપણી ચોમેર પથરાયેલું છે. પસંદગી કરવી આપણા હાથમાં છે. કોઈપણ સમય સર્વથા સુખમય કે દુ:ખમય હોતો નથી. કેટલા માણસો ગમે તેવી વિકટ આપતિમાં સુખને શોધીને તેને માણે છે તો કેટલાક માણસો એવા હોય છે જેઓ સતત દુ:ખને શોધતા હોય છે. સુખની પળોમાં ખોદી ખોદીને દુ:ખને પીડાને કાઢે છે અને ગમે તેવા સુખમાં પણ પરિતાપ અનુભવે છે. મોટે ભાગે નકારાત્મક વલણને કારણે દુ:ખ સર્જાતુ હોય છે. સુખ તો આપણને સ્વભાવ ગત મળેલું હોય છે તેને માણવું એ આપણા હાથમાં છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**' (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# કચ્છ શક્તિ એવોર્ડમાં કેડીઓનો દબદબો



તા.૧ જુલાઈ શુક્રવાર અષાઢી બીજ દિને સાંજે ૬ વાગે યોગી સભાગૃહ, દાદર (પૂર્વ) સે.રે. કચ્છ શક્તિ એવોર્ડ ૨૦૨૨ એવોર્ડ એનાયતનો સમારોહ યોજાયો. એવોર્ડની વિવિધ શ્રેણીમાં કચ્છી વિશિષ્ટ વ્યક્તિઓને એનાયત કરાયા.

આ વર્ષે કચ્છ શક્તિ રાષ્ટ્રીય એવોર્ડમાં કદઓ જ્ઞાતિનો દબદબો સ્પષ્ટ દેખાયો. આ વર્ષે કચ્છ શક્તિ એવોર્ડ મેળવનાર દશાઈ વિશિષ્ટ વ્યક્તિઓમાં હૈદ્રાબાદના પ્રસિદ્ધ ગૌરવ કેટરર્સના ગૌરવ મોમાયા અને હેમાંગ મોમાયાને કેટરર્સ એવોર્ડ ખામગામના વિકમશી ફેબ્રિક્સના ઉદ્યોગપતિ શ્રીમતી ગિતીકા વિકમસીને ઉદ્યોગ રત્ન એવોર્ડ, વ્યાપાર રત્ન એવોર્ડ



# કચ્છ શક્તિ એવોર્ડમાં કેડીઓનો દબદબો



મુલુંડની ઈન્સ્યુરન્સ ખોજના કારાણી બંધુ ત્રિપુટી નરેન રતનશી કારાણી, યશોધન રાયચંદ કારાણી અને દીપક રાયચંદ કારાણી સુથરીને તથા મહેન્દ્ર સુધાકર લાપસીયા નલિયાને કચ્છ શક્તિ રાષ્ટ્રીય એવોર્ડથી સન્માનિત કરાયા.

કચ્છ શક્તિ એવોર્ડ પસંદગી સમિતિમાં અન્ય વ્યક્તિઓ ઉપરાંત કદઓ જ્ઞાતિના બિપિન નાગડા અને ચિમન મોતા સભ્ય તરીકે છે.

એવોર્ડ માનાર્થી જ્ઞાતિજનોને અભિનંદન સાથે પોતપોતાના ક્ષેત્રમાં સફળતાના શિખર તરફની સફર અવિરત આગળ વધારતા રહે એ શુભેચ્છા.



## નરશી નેણશી સોની પરિવાર, ગામ-સુથરી, હાલ-જુહુ/અમદાવાદ

**એમને લીડર્સ ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એવોર્ડ ૨૦૨૨ મળવા બદલ હાર્દિક અભિનંદન**



**નરશી નેણશી એન્ડ સન્સ**

તરફથી

એવોર્ડ સ્વીકારી રહેલ નેમ વિરચંદ સોની

**યુવાનીનો જોશ છે,**
**કાંઈક કરી છૂટવાના હોંશ છે**
**પ્રયત્નો ભરપૂર ને**
**આગળ વધવાનો**
**ઉત્સાહ લખલૂટ છે**
**સખત મહેનત અને**
**એક નિષ્ઠધ્યેય દ્વારા**
**ઉચ્ચ લક્ષ્ય હાંસલ કરી**
**પરિવારનું ગૌરવ વધાર્યું છે**
**જેનો અમને હરખ છે.**

## શુભેચ્છક:

**હિરજી પદમશી દંડ પરિવાર**
(ગામ-લાલા, હાલ-વેરાવલ)

**મુલજી ભીચંશી લાલકા પરિવાર**
(ગામ-લાલા, હાલ-કોલકત્તા)

**શાહ લીલાધર નરશી મોમાયા પરિવાર (મોટરવાલા)**
(ગામ-સાંયરા, હાલ-માટુંગા)

**મણીલાલ હંસરાજ ભટારા પરિવાર**
(ગામ-નલિયા, હાલ-ઘાટકોપર)

# શુધ્ધ અને સારા ભાવથી કરેલ મહેનત લેખે લાગે છે



બારેમાસ ભરવા લાયક મસાલા સ્વહાથે સાફ કરી ખંડાવી પોતાની જાત દેખરેખ હેઠળ બારેમાસ ભરી શકાય એવા પ્રકારના વિવિધ અથાણા વહેંચવાનો કસબ જેમની હથોટીમાં છે એવા સ્વાશ્રયી અને શુધ્ધતાના આગ્રહી સુશીલાબેન વીરચંદ લાલકા બાંઢિયા-૮૮૫૦૫૦૪૯૦૧. ઘરકામ પછીનો ફાજલ સમય વ્યતિત થાય અને પોતાની પાકશાસ્ત્રની પ્રવીણતા નિખરે સાથો સાથ લોકોને શુધ્ધ અને સાત્વિક માલ મળે ઉપરાંત પોતે આત્મનિર્ભર થઈ કમાણી રળે એવા હેતુથી આ વ્યવસાય શરૂ કર્યો. આ દ્વારા તેમણે પોતાની એક આગવી ઓળખ ઊભી કરે છે અને કોઈના ઓશિયાળા થવા સિવાય પગભર થયા છે.



વડીલ સદૈવ સૌને માટે પ્રેરણાદાયી જ હોય છે. તેમનું માર્ગદર્શન, આંતરસૂઝ ભરી સલાહ સમજણ નાનાઓ માટે ઉપયોગી બની રહે છે. તેમની ચાલીમાં રહેતા વડીલ માતુશ્રી કુંવરબાઈની આ ક્ષેત્રમાં સારી હથરોટી હતી. તેમણે આ કળા સુશીલાબેનની શીખવી પછી તેમની સાથે ભાગીદારી અથાણાનું કામ ચાલુ કર્યું અને આગળ વધારતા ગયા.

આ ક્ષેત્રે સારા-નરસા અનુભવો માટે તેઓ કહે છે કે તેમને આમ તો સારા અનુભવ જ થયાં છે. કોઈપણ નવો વ્યવસાય શરૂ કરવા મૂડી અને જગા જોઈએ. ભગિની સમાજ મહિલા મંડળ માંડવી બ્રાંચના પ્રમુખ શ્રીમતી ભારતીબેન હંસકુમાર ખીમજીએ એમને પ્રોત્સાહિત કરેલ અને મંડળની જગા વાપરવા આપી જેનું મામુલી ભાડું લેતા. વાસી માર્કેટમાં કુમાર મણિલાલ નાગડા સારામાં સારો માલ આપી. મોટી રકમનો માલ વિશ્વાસ કરી આપતા જેનો બાકી પૈસા જેમ જેમ આવે તેમ ચૂકવતા જતાં હતા. પણ તેમના તરફથી ક્યારે પૈસા આપવાનો તકાદો ન કરે. તેઓ પણ થઈ શકે એટલું જલદી પેમેન્ટ કરી આપતા આમ નિચિંતપણે સાહસભેર સારી ક્વોલિટીના મસાલા લોકોને આપી ગ્રાહકોનો પણ વિશ્વાસ જીત્યો. જ્ઞાતિની પરબ સંસ્થા તરફથી પણ તેમને સારો સપોર્ટ મળ્યો, મળે છે અને મળતો રહેશે એવો વિશ્વાસ છે.

અગાઉ કહ્યું એમ કોઈ વિકટ પરિસ્થિતિમાંથી પસાર નથી થયા. પણ હમણાં કોરોનો કાળ દરમ્યાન વાસી માર્કેટથી માલ તેમને પહોંચી આવતો હતો પણ ટ્રાન્સપોર્ટ વ્યવહાર બંધ હોવાથી ગ્રાહકો સુધી ઓર્ડરનો માલ પહોંચાડવાનું કઠિન હતું. આ વખતમાં અનંત છાયાના રહેવાસી લતાબેન અને તેમના પતિ કિરીટ કુરૂવા, અલકાબેન તેમજ હિનાબેન મૈશેરીએ સારી એવી મદદ કરી ઉપયોગી થયા હતા. એમના સાથ સહકારથી માલ પહોંચાડવાનું શક્ય થઈ શક્યું હતું. જ્યારે તેમના બનાવેલ મસાલા અને અથાણા વાપરીને લોકો બે મોઢે વખાણ ત્યારે કરેલી મહેનત સાર્થક થઈ લાગે છે.

વ્યવસાયની જમાવટથી પરિવારમાં માન વધે છે. પોતાના પગભેર થવાથી કોઈના ઓશિયારાપણું ભોગવવું પડતું નથી. સ્વ કમાઈનો પૈસો મરજી મુજબ વાપરી શકવા માટે મુકત રહીએ છીએ. સમાજમાં તેમને માન પ્રતિષ્ઠા મળે છે. બધા માસી કહીને સંબોધે છે. ભવિષ્યમાં તક મળી તો આ વ્યવસાયને મોટો કરી હજી આગળ લઈ જવું છું. એના દ્વારા વધુ જણ જરૂરિયાતમંદને રોજગાર આપી શકીએ અને વધુ મુડી જમા થાય તો પાછલી જિંદગી નિરાંતે વિતાવી શકાય. એટલે અત્યારે હાથ પગ ચાલે છે તેટલું કામ વધુ કરી મહેનતથી પૂંજી જમા થાય એ જ લક્ષ્ય છે.

જ્ઞાતિજનો માટે એટલો જ સંદેશો છે કે ઈશ્વરે બધાને કંઈને કંઈ કળા-કૌશલ આપયા છે. માત્ર તેને ઓળખીને બહાર પ્રગટ કરવાની જરૂર છે. આળસ અને શરમને ખંખેરી જે તક આવે તેને ઝડપી લેવી જોઈએ. 'હિંમતે મર્દા તો મદદે ખુદા' આ કથનીને સાર્થક કરીએ. સ્વમાનભેર જીવીએ અને ઘર વ્યવહારમાં આપનો પણ યોગદાન આપશે.

**વ્યક્તિનો વિકાસ જ્ઞાતિની સમૃધ્ધિ**

# માતુશ્રી જયાબેન વિરચંદ નરશી નેણશી સોની પરિવાર, ગામ-સુથરી, હાલ-જુહુ

## એમને લીડર્સ ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એવોર્ડ ૨૦૨૨ મળવા બદલ

# હાર્દિક અભિનંદન




# નરશી નેણશી એન્ડ સન્સ

## અશ્વિનીકુમાર ચૌબે - લોકસભા મેમ્બર

(Minister of State for Consumer Affairs, Food and Public Distribution and Environment, Forest and Climate Change)

તરફથી

## એવોર્ડ સ્વીકારી રહેલ નેમ વિરચંદ સોની

**જીવનમાં આવી જ રીતે ઉંચા શિખરો સર કરો**
**એવી જ અપેક્ષા**

## શુભેચ્છક:

## માતુશ્રી કલ્પનાબેન શામજી નરશી દંડ પરિવાર

(ગામ-સાંધવ, હાલ-મુલુંડ)

# કચ્છના નલિયા નગરમાં ચાતુર્માસ કાજે પૂજ્ય સાહેબોની ભવ્ય પધરામણી થઈ







૩૨ પ્રાંતના અબડાસા પ્રદેશના મુખ્ય મથક નલિયા નગર સંઘમાં પ.પૂ.પ્રવર્તક શ્રી મલયસાગરજી મ.સા. તથા પ.પૂ. મુનિરાજ શ્રી રત્નાકરસાગરજી મ.સા. આદિ ઠાણા ૨નો ચાતુર્માસ પ્રવેશ થયો. સંઘના શ્રાવક શ્રાવિકાઓ અતિ ઉમંગ ભાવ સાથે સાહેબોનું સામૈયું કરી સ્વાગત કર્યું હતું.

# શ્રી ક.દ.ઓ.મંડળ ડોંબિવલી આયોજિત ૪૬મી શ્રી મહાકાળી માતાજીની ભાવના તથા વાર્ષિક સ્નેહમિલન સમારંભ

શ્રી કચ્છી દશા ઓસવાળ મંડળ ડોંબિવલી આયોજિત ૪૬મી શ્રી મહાકાળી માતાજીની ભાવના તથા વાર્ષિક સ્નેહ સંમેલન સમારંભ તા.૨૪ સપ્ટેમ્બર શનિવાર અને તા.૨૫ સપ્ટેમ્બર રવિવારના આયોજન કરવામાં આવેલ છે. સમારંભ સમય તથા સ્થળ યોગ્ય તે સમયે જાણ કરવામાં આવશે. તો આ પ્રસંગે પધારવા સૌને ભાવભર્યું આમંત્રણ છે.

આ આગોતરૂં આમંત્રણ પ્રમુખ વિજય સોની, ઉપપ્રમુખ જયેશ લાલકા અને માનદ્‌મંત્રી વિનય લોડાયા દ્વારા અપાયું છે.

# સાંધવ નગરે સાધ્વી મહારાજ સાહેબોનો ચાતુર્માસ પ્રવેશ તા.૧૧ જુલાઈના દિને

કચ્છ પ્રદેશના અબડાસા પ્રાંતના સાંધવ નગરે પ.પૂ.નરેન્દ્ર વિદ્યુત અરૂણ, ધૈર્ય, યશ બાગના પ.પૂ.સાધ્વીશ્રી ગુણમાલાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૨ ચાતુર્માસની નિશ્રા શ્રી સંઘને મળી છે. જેનો હર્ષ સંઘમાં પ્રર્વતે છે.

પૂજ્યશ્રીનું ચાતુર્માસ પ્રવેશ તથા સામૈયું અષાઢ સુદ ૧૩ સોમવાર તા.૧૧ જુલાઈના સવારે ૮ કલાકે અદ્‌ભૂત ભાવ સાથે થશે. ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે સાંધવવાસીઓ નિયાણી બહેનોને સહ પરિવાર સકળ સંઘો પૂજ્યશ્રીના પરિવારજનો તથા ભક્ત પરિવારોને પધારવાનું ભાવભર્યું આમંત્રણ. ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન સાંધવ વતી પ્રમુખ શામજી નરશી દંડ તથા ચાતુર્માસ લાભાર્થી પરિવાર અ.સૌ.દમયંતીબેન ચાંપશી શાહ (લોખંડવાળા) પરિવાર.

ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે આખા દિવસની સાધર્મિક ભક્તિનો લાભ આપશોજી.

# ખંડવા નગર સંઘમાં પૂજ્ય સાહેબોની ચાતુર્માસ પધરામણી પ્રવેશ થયો





મધ્યપ્રદેશ રાજ્યના ખંતીલા ખંડવા નગર સંઘમાં ખાનદેશ રત્ના પ.પૂ.સાધ્વી ડૉ. શ્રી જય દર્શિતાશ્રીજી મ.સા. અને પ.પૂ.સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા.નો તા.૧ જુલાઈ શુક્રવાર અષાઢ સુદ ત્રીજના સવારે ઉત્સાહભર્યા માહોલમાં ચાતુર્માસ કાજે પ્રવેશ થયો. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉમળકાભેર પૂજ્યોનું સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે વ્યાખ્યાનમાં વાણી લાભ આપતા કહ્યું હતું કે જગતમાં છત વગર રહેવું સંભવિત છે પણ જ્ઞાન વગર રહેવું શક્ય નથી. માનવ જીવનમાં જ્ઞાનનું મહત્વ છે. એટલે જ બાળકોને નાનપણથી જ્ઞાનાર્જન માટે સ્કૂલમાં મોકલવામં આવે છે. જ્ઞાન પ્રાપ્તિ કાજે વિનયભાવ જરૂરી છે. આ બોધવાણી પૂજ્યસાહેબએ વિદ્યાકુંજ ઈન્ટરનેશનલ સ્કૂલના વિદ્યાર્થીઓને સંબોધિને કહી હતી.

આજના દિવસે વહેલી સવારે પૂજ્ય સાહેબો છૈગાંવ માખનથી વિહાર કરી સાધ્વિદય વિદ્યાકુંજ ઈન્ટરનેશનલ સ્કૂલ પધાર્યા ત્યારે આ વાત કહી વિદ્યાર્થીઓને પોતાનો ભવિષ્ય બહેતર બનાવવા શીખ આપી હતી. જેમ ઘડામાં પાણી ભરવા ઘડાને નમાવવું પડે છે ત્યારે જ એમાં પાણી ભરી શકાય છે એવી જ રીતે જ્ઞાન પ્રાપ્તિ માટે માઁ સરસ્વતી અને ગુરૂજનો સમક્ષ ઝૂકવું જરૂરી છે. જ્ઞાન પ્રાપ્તિ કરવા માટે વિદ્યાર્થીઓએ વ્યસન સાથો સાથ તેમનો સમય નષ્ટ કરતા હોય એવા ભૌતિક સાધનોનો ત્યાગ કરવો જોઈએ. વૈશ્વિક પડકારો માટે અંગ્રેજીનું જ્ઞાન જરૂરી છે પણ આપણી પોતીકા સંસ્કૃતિને જાળવવા માતૃભાષાનું જ્ઞાન વધુ જરૂરી છે. એમણે કહ્યું કે ભૌતિક સંસાધનો પર નિર્ભરતા ઓછી કરવા આત્મનિર્ભરતા માટે વધુ જરૂરી છે.

કાર્યક્રમ આરંભે વિદ્યાકુંજના ડાયરેક્ટર જય નાગડાએ સાહેબોને આવકાર આપ્યો હતો. એકેડેમિક ડાયરેક્ટર શ્રીમતી યામિની નાગડા માતા સરસ્વતીની પ્રતિમાને હારારોપણ કરી દીપ પ્રજ્વલિત કર્યું છે. શાળા અધ્યક્ષ નવનીત જૈન આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે કદઓ જૈન ઓસવાલ સમાજ અધ્યક્ષ મનીષ મોમાયા, વિનોદ ડાઘા, શ્રીમતી જયશ્રી હિરેન જૈન, વિનય જૈન, કરણ જૈન, શૈલેશ જૈન સહિત સમાજ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા.





# ડૉ.શ્રીમતી જ્યોતિકા ધીરેન છેડા કમ્પ્યુટર સાયન્સમાં Ph.D. પદવી મેળવી



સુજાપુર-ડોંબિવલીના વિમલાબેન દેવજી છેડાના પુત્રવધૂ અને જ્યોત્સના શરદ કાનજી લોડાયા, નાની ખાવડી-કોઈમ્બતુરના પુત્રી ડૉ.શ્રીમતી જ્યોતિકા ધીરેન છેડાએ જગદિશપ્રસાદ ઝાબરમલ ટિબ્રેવાલા યુનિવર્સિટી ઝુંઝુનુ-રાજસ્થાનમાંથી કમ્પ્યુટર સાયન્સ વિષયમાં ઈમેજ સુરક્ષા માટે હાઈબ્રિડ એન્ક્રિપ્શન અલ્ગોરિધમ ડિઝાઈન પર સંશોધન નિબંધ લખવા બદલ ડોકરેક્ટ Ph.D. પ્રાપ્ત કરી છે. આ માટે તેમને ૪.૫ વર્ષ જેટલો સમય ગાળો લાગ્યો હતો.

તેઓ છેલ્લા ૧૨ વર્ષથી મુલુંડની મુલુંડ કોલેજ ઓફ કોમર્સમા ઈન્ફોર્મેશન ટેકનોલોજી ડિપાર્ટમેન્ટમાં આઈટી સબજેક્ટ ભણાવે છે. તેઓ વર્ષ ૨૦૧૨માં કમ્પ્યુટર સાયન્સ અને એપ્લિકેશન લેક્ચરશીપ માટેની NET નેશનલ એલિજિબિલ્ટી ટેસ્ટ ઉર્તીણ કરી છે.

ડૉ.શ્રીમતી જ્યોતિકા છેડાના પતિ ધીરેન છેડા ચાર્ટડ એકાઉન્ટન્ટન છે અને ટ્રાવેલ્સ ક્ષેત્રની જાણીતી કુંપની થોમસકકૂકમાં ઈન્ટરનલ ઓડિટ વિભાગના સિનિયર મેનેજર છે. Ph.D. પદવી હાંસલ કરવા બદલ ડૉ.જ્યોતિકા છેડાને હાર્દિક અભિનંદન.

# શ્રી નાગડા ગૌત્ર પરિવારના અંબેમાની ૬૩મી પહેડી ધર્મભાવ સંગે સંપન્ન



શ્રી નાગડા ગૌત્ર પરિવારના અંબે માની ૬૩મી પહેડી અદ્‌ભૂત ધર્મ લાભ સાથે કચ્છ જિલ્લાના અબડાસા વિભાગના મુખ્ય મથક નલિયા નગરમાં ઉત્સાહના માહોલમાં સંપન્ન થઈ.



ધ્વજાનો લાભ જયંતિલાલ ગોવિંદજી નાગડા પરિવાર તેરા-નાંદેડ લીધેલ. આરતીનો લાભ માતુશ્રી જીઠીબાઈ ખીમજી ભાણજી નાગડા પરિવાર નલિયાએ લીધેલ હતો.

આ વરસની પહેડીમાં દેશ દેશાવરથી ૨૦૦ ભાવિકો ભાવથી પધાર્યા હતા. નાગડા ગૌત્ર પરિવાર દર વરસે અષાઢી બીજના દિવસે જીવદયાનું સરસ કાર્ય કરે છે. આ વરસે પણ શ્રી નલિયા જૈન પાંજરાપોળને અનુદાનમાં રૂા.બે લાખ એક હજાર રૂપિયા નોંધાવ્યા.





# Anumodana

**Sanjivani Case- 66 Mr. Uttam Ghelabhai Dhulla, Rapar, Dombivli**

| Uranium Patron | Amount |
|---|---|
| Shri Anantnathji Jain Temple & it's Sadharan Fund Trust, Mumbai | 50,000 |
| **Sapphire Patron** | |
| Shri Raichand Hansraj Dharamshi Charitable Trust, Worli, Mumbai | 150,000 |
| **Emerald Patrons** | |
| Matushri (Kasruribai Visanji Dharamshi & Ratanbai Narshi Dharamshi),Mulund (H.D.Fire Protect Pvt Ltd) | 30,000 |
| Matushri Vijayaben Shantilal Jethabhai Meisheri , Lala - Mulund (Dubai) H: Tileshbhai & Nileshbhai | 12,500 |
| Shri Narendra Shamji Dand, Tera - Mulund | 10,000 |
| **Lifetime Patrons & Sansthas** | |
| Shri KDO Mandal, Dombivli | 21,000 |
| Shri Mumbai Mahajan Five Years Donor Members | 10,000 |
| Shri Dakshin Bharat KDO Jain Ekkam, Bangalore | 5,000 |
| Shri Chattisgarh KDO Jain Gnati Mahajan, Raipur | 5,000 |
| Shri KDO Jain Gnati Mahajan, Ahmedabad | 5,000 |
| Shri KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500 |
| Shri K.D.O. Jain Gnati Mahajan , Banglore | 2,500 |
| Matushri Purbai Lakhamshi Lalka Charitable Trust, Kutch | 2,000 |
| M/S. Deluxe Logistics Pvt. Ltd (Shri Kirti Dhanji Dharamshi), Banglore | 2,000 |
| Lt. Shri Kooverjibhai Harshi Lodaya , Rapar - Bhandup | 2,000 |
| Shri Dhirendra Anandji Khona Charitable Memorial Trust, Gandhidham | 2,000 |
| Parab Shakti Sanjivani Society, Mumbai | 2,000 |
| Shri KDO Jain Sarvoday Mandal, Mulund , Mumbai | 2,000 |
| **Non-KDO Donations** | |
| Maharashtra Chief Minister Relief Fund | 100,000 |
| Shri Sumit Manharlal Goda, Corporate Office, Jupiter Hospital | 10,000 |
| Shri Sonu Sood Foundation, Mumbai | 10,000 |
| **Platinum Patrons** | |
| Matushri Gunvanti J. Momaya, Varadia, Banglore | 2,500 |
| Swargiya Uttambhai K. Khona (Haste Smt. Khamaben U. Khona) Kothara, Sangli | 2,500 |
| Shri Tokarshi Anandji Lalka, Lala, Vashi, Navi Mumbai | 2,500 |
| **Diamond Patrons** | |
| Smt. Jayuben Ramesh Momaya, Naliya, Atlanta | 2,500 |
| Matushri Damyantiben Champshi Lodaya, Sandhav, Ghatkopar, Mumbai | 2,500 |
| Lt. Matushri Bhanumati Manilal Dhulla & Lt. Shri Manilal S. Dhulla ,Suthri - Mulund (H:Nirenbhai Shah) | 2,500 |
| Lt. Kumar Dhaval Mayur Lodaya , Motikhavdi, Ghatkopar ( H: Jayaben Motilal Lodaya Pariwr ) | 2,500 |
| Lt. Smt. Hemlata Mulchand Nagda (H: Shri Bhavin T. Nagda) Tera, Mumbai | 2,500 |
| Lt. Shri Mulchand Visanji Nagda (H: Shri Manikant Visanji Nagda) Tera, Mumbai | 2,500 |
| Shri Hans B. Khimji, Tera, Matunga | 2,500 |
| Mrs. Neetaben Jaldeep Daulat, Las Vegas, USA | 2,500 |
| Matushri Laxmiben Javerchand Dharamshi (H: Yogita Dhirish Dharamshi)Kothara, Bijapur | 2,500 |
| Matushri Manibai Champshi Luthia & Shri Champshi K. Luthia, Raidhanjar | 2,500 |
| Shri Pratap P. Dharamshi ( H: Anjana P. Dharamshi ), Mumbai | 2,500 |
| **Gold Patrons** | |
| Matushri Nalini Gulabchand Poladia (Shah), Bayath, Thane | 2,000 |
| Adv. Smt. Minal Bharat Khona, Suthri Navi Mumbai | 2,000 |
| Matushri Gunvanti Laxmichand Luthia , Raydhanjar, Kolkatta | 2,000 |
| Shri Chimanlal Hirji Khona, Naliya , Matunga | 2,000 |
| Shri Ramesh Trikamji Soni, Vanku, Wadala | 2,000 |
| Matushri Velbai Devji Khona, Arikhana, Ahmedabad | 2,000 |

| | |
|---|---|
| Shri Khirendra Govindji Lodaya ( H: Usha K. Lodaya) Naliya , Vadodara | 2,000 |
| Matushri Dhanbai Premji Narpar Shah (Lodaya) (H: Tejal Rajesh Shah) Moti Sindhodi, Wadala | 2,000 |
| Smt. Manorama Naresh B. Momaya ( H: Smt. AnaghaVikash Shah & Parag N. Shah) Naliya , Ghatkopar | 2,000 |
| Lt. Miss Meetal Mahesh Lodaya ( H: Shri Mahesh Chatrabhuj Lodaya), Rapar Gadhwari, Ahmedabad | 2,000 |
| Shri Sushilbhai Laxmichand Shah, Manjal Reladia, Matunga, Mumbai | 2,000 |
| Lt. Smt. Jhamkuben Hemchandbhai Dharamshi ( H: Shri Dilip Kunverji Dand) Suthri, Ahmedabad | 2,000 |
| Shri Manish Hirji Shah, Sujapur, Dadar | 2,000 |
| Lt. Shri Hemchandbhai Kunverji Dharamshi ( H: Shri Kunverji Jethalal Dand Family) Suthri , Ahmedabad | 2,000 |
| Smt. Yashwanti Chandrakant Lodaya & Shri Chandrakant Damji Lodaya, Kothara, Mulund | 2,000 |
| Smt. Prabhaben Punamchand Laxmichand Dharamshi, Hubli | 2,000 |
| Lt. Shri Hemraj Lalji Meisheri, Jakhau - Pune | 2,000 |
| Matushri Jayavati Hemraj Meisheri, Jakahu - Pune | 2,000 |
| Smt. Anita Jivraj Lodaya (Haste Kiyan Mikhil Lodaya) Moti Khavdi, Thane | 2,000 |
| Matushri Madhuben Hirachand Dand ( Haste: Ritesh H. Dand ) Lala, Mulund, Mumbai | 2,000 |
| Matushri Maniben Ramji Lodaya , Nani Khavdi , Sangli | 2,000 |
| Sanghviratna Shri Virendra Raghavji Lodaya, Ahmedabad | 2,000 |
| Smt. Karunaben Motichand Khona, Naliya, Mulund | 2,000 |
| Sanghmata Bhartiben Bhagchand Damji Jain Pariwar, (H:Jayesh Jain), Kothara, Mulund | 2,000 |
| Well Wisher | 2,000 |
| Shri Rameshbhai ( Kunvarji ) Meghji Mota, Rapar Gadhvari - Mulund | 2,000 |
| Smt. Damyantiben & Dilipbhai Kunverji Dand, Varadiaya (Ahmedabad) | 2,000 |
| Shri Nitin Ratilal Lodaya, Coimbatore | 2,000 |
| **Silver Patrons** | |
| Matushri Lilavantiben Kunverji Dharamshi, Kothara, Navi Mumbai | 1,500 |
| Matushri Manbai Malshi Mota & Pitashri Malshi K. Mota, Kuapadhar, Salem | 1,500 |
| Shri Mulji Raghavji Lodaya, Sandhav, Dadar | 1,500 |
| Shri Dhirendra Anandji Khona Charitable & Memorial Trust, Sandhav, Kutch | 1,500 |
| Matushri Laxmiben Bhavanji Lodaya ( H: Shri Virendra B.Lodaya) Naliya, Mulund, Mumbai | 1,500 |
| Smt. Priti & Dhananjay Shah, Naliya, Matunga | 1,500 |
| Matushri Ratanben Rayshi Mota & Matushri Gunvantiben Khimji Meisheri, Nani Sindhodi, Raipur | 1,500 |
| Shri Bharat Mulji Meisheri, Jakhau, Mulund, Mumbai | 1,500 |
| Shri Mitesh Madhukant Dharamshi, Kothara, Gandhidham (Kutch) | 1,500 |
| Smt. Javerben Kunverji (Ramesh) Mota, Rapatr, Mulund,Mumbai | 1,500 |
| Shri Mahesh Khimji Lalka, Varapadhar, Adipur(Kutch) | 1,500 |
| Shri Laxmichand Ratansey Khona, Suthri, Vileparle, Mumbai | 1,500 |
| Matushri Tejbai Lalji Shah (Lodaya) ( H: Arvind Lalji Shah), Varapadhar, Gandhidham | 1,500 |
| Matushri Bayabai Khimji Lodaya ( Kakima ) (Haste : Pradip R. Lodaya), Sayera, Coimbatore | 1,500 |
| Smt. Tarabai Laherchand Nagda, Naliya , Ghatkopar | 1,500 |
| Matushri Navalben Dhanji Nagda, Naliya ( H: Kalpnaben Raichand Mota , Kuvapadhar - Salem) | 1,500 |
| Late Smt. Hiravantiben Manilal Lodaya, Aarikhana - Dhulia, | 1,500 |
| Smt. Vijyaben Kooverji Harshi Lodaya, Rapargadhwari, Bhandup | 1,500 |
| Matushri Vasantiben Navinchandra Narshi Khona , Naliya, Ghatkopar, Mumbai | 1,500 |
| Ek Sadgrahasth | 1,500 |
| Smt. Nilamben Narendrabhai Lalka, (New York) | 1,500 |
| Shri Nishith Dand and Vadodara KDO & Non KDO Group, Tera, Vadodara | 500 |
| **Additional Donation By Patrons** | |
| Matushri Sonbai Trikamji Virji Soni, Vanku, Wadala | 11,000 |
| Shri Motichand Lalji Khona, Naliya - Mulund | 10,000 |
| Shri Kooverji Harshi Lodaya, Rapar - Bhandup | 10,000 |
| Shri Bhagchand Damji jain | 5,000 |
| Matushri Laxmiben Bhavanji Lodaya, Naliya - Mulund | 5,000 |
| Shri Hans B. khimji | 5,000 |
| Matushri Gunwantiben Laxmichand Shah, Kolkatta | 5,000 |

| | |
|---|---|
| Shri Arvind Lalji Lodaya, Varapadhar - Gandhidham | 2,000 |
| **Individual Donors** | |
| Well Wisher | 100,000 |
| Well Wisher | 71,000 |
| Matushri Tarabai Manekji Mota, Rapar - Napeansea Road, Mumbai | 71,000 |
| Ek Sadgrahastha | 50,000 |
| Smt. Alpa Gautam Dharamshi, Kothara - Banglore | 20,000 |
| Shri Punshi Ladhubhai Lodaya, Mumbai | 20,000 |
| Well Wisher | 20,000 |
| Smt. Manbai Mulji Mota, Rapar H: Shri Thakarshibhai, Zaverchandbhai, Anandjibhai Mota | 10,001 |
| Shri Pravin Hansraj Lodaya, Arikhana - Mulund | 10,000 |
| Shri Padamkumar Thakarshi Poladia, Dumra - Ghatkopar | 10,000 |
| Smt. Nita Mahendra Poladia | 10,000 |
| Shri Paras Padamshi Meisheri | 10,000 |
| Well Wisher | 10,000 |
| Matushri Devkabai Hansraj Mota, Rapar | 10,000 |
| Shri Virchand Narshi Lodaya, Rapar - Mulund | 10,000 |
| Shri Dinesh Lakhmichand Nagda, Rapar | 10,000 |
| Matushri Gunvantibai Khimji Maisheri Parivar, Raipur | 5,001 |
| Matushri Padma Ashok Bheda | 5,000 |
| Shri Sanjay Ratilal Ajani | 5,000 |
| Smt. Pushpaben Damji Lodaya, ( H: Manoj Bhai) | 5,000 |
| Shri Deven Shantilal Dharamshi | 5,000 |
| Smt. Rajulben Bhadresh Patel | 5,000 |
| Matushri Champaben Umarshi Shah, Jakhau - Dhamtari | 5,000 |
| Shri Devang Utam Shah (Khona), Kothara - Sangli | 5,000 |
| Shri Kalpesh Manekji Chheda, Jalgaon | 5,000 |
| Shri Pankaj Laxmichand Dharamshi | 5,000 |
| Shri Kumar Babubhai Dand | 5,000 |
| Shri Siddharth Lodaya | 3,000 |
| Well Wisher | 3,000 |
| Shri Rajendra Umarshi Desai ( Lapasiya), Raichur | 2,500 |
| Matushri Navalben Jetshi Shiyal, Daltungi, Dombivli | 2,000 |
| Shri Chetan Meghji Mota | 2,000 |
| Shri Tarun Dhanji Dharamshi | 2,000 |
| Well Wisher | 2,000 |
| Shri Rajesh Raichand Chheda | 2,000 |
| Shri Niranjan Narshi Lodaya, Gandhidham | 2,000 |
| Shri Hanskumar Laxmichand Chheda, Bhandup | 2,000 |
| Shri Mahesh Khimji Lalka, Varapadhar, Adipur(Kutch) | 2,000 |
| Smt. Hema Gulab Chheda, Banglore | 2,000 |
| Matushri Navalben Jetshi Shiyal, Daltungi - Dombivli | 2,000 |
| Shri Chandresh Tokarshi Lodaya, Alleppy | 2,000 |
| Shri Hukamchand Javerchand Dharamsey | 1,000 |
| Shri Nitin Raichand Shah, Suthri - Dombivli | 1,000 |
| Matushri Navalben Somchand Munvar, Bellari | 1,000 |
| Shri Ratilal Shamji Momaya ( Shah ) | 1,000 |
| Shri Shrikant B. Lodaya | 1,000 |
| Lt. Shri Manilal Mulji Lalka, Kolkatta | 1,000 |
| Shri Bhupendrabhai Mota | 1,000 |
| Shri Laljibhai Velji Lodaya, Varapadhar - Dombivali | 1,000 |
| Smt. Sarlaben Lalji Lodaya, Varapadhar - Dombivali | 1,000 |
| Shri Rajendra Manilal Khona , Suthri, Mulund , Mumbai | 1,000 |

| | |
|---|---|
| Shri Kamlesh Khushalchand Poladia, Pachora | 500 |
| Smt. Pratiksha Somchand Dand, Malkapur | 500 |
| Well Wisher | 100 |
| **Previous Case Balance** | |
| Case No. 40,42,46,49,53,55 | 125,000 |
| **Shree Samast KDO Jain Mahajan** | |
| Website: www.kdosm.org Email: Seva@kdosm.org Help: +91 75060 70851 | |
| **Thank You Donors for your Generosity & Kindness** | |

Thank You Seth Shri Narshi Natha Trust, KDO Jain Sarvodaya Mandal & Shri KDO Mandal, Dombivli for additional Support.


# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

80G સર્ટિફીકેટ

C.S.R.

CORPORATE SOCIAL RESPONSIBILITY

**For NEFT Transfer**

Type of Account : Saving
ccount Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West) Mumbal - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

# સાંગલી સંઘમાં ચાતુર્માસ પ્રવેશ હર્ષોલ્લાસ સાથે થયો





તા.૧ જુલાઈ શુક્રવારના રોજ મહારાષ્ટ્ર રાજ્યના સાંગલી શહેરમાં પ.પૂ.શ્રી સાધ્વી હર્ષનિધિશ્રીજી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ હર્ષોલ્લાસ સાથે થયું. સંઘના શ્રાવક શ્રાવિકાઓ અદ્‌ભૂત ઉત્સાહ સાથે સહભાગ લીધો હતો. જ્ઞાન અને વિજ્ઞાનના જ્ઞાતા પૂજ્ય સાહેબનો અખંડપણે ચાર માસ સુધી વાણી લાભ મળશે એનો રાજીપો સૌને હતો.

# મોટી ખાવડીની ધન્ય ધરાએ બિરાજમાન શ્રી ચંદ્રપ્રભસ્વામી જિનાલયનનો ૧૧૬મો ધ્વજારોહણ મહોત્સવનું આત્મીય આમંત્રણ

હાલાર પ્રાંત વિભાગના મોટી ખાવડી નગરમાં બિરાજમાન શ્રી ચંદ્રપ્રભસ્વામી દાદા જિનાલયનો ૧૧૬મો ધ્વજારોહણ મહોત્સવ તા.૨ ઓગસ્ટ મંગળવાર તથા તા.૩ ઓગસ્ટ બુધવારના ભવ્યતાથી યોજાશે. તે અવસરે સકળ સંઘ તથા મોટી ખાવડીની નિયાણી બહેનોને સપરિવાર પધારવાનું આત્મીય આમંત્રણ શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ, મોટી ખાવડી દ્વારા અપાવેલ છે.

પ્રથમ દિવસે બપોરે ૧.૩૦ કલાકે બન્ને જિનાલયમાં બિરાજમાન ભગવાન તથા દેવદેવીની ૧૦૮ અભિષેક લાભાર્થી મહેન્દ્ર માલશી લોડાયા પરિવાર સાંજે ૭.૩૦ કલાકે ભક્તિ ભાવના.

દ્વિતીય દિવસે સવારે ૮.૩૦ કલાકે સતર ભેદીપૂજા, શુભ મુહૂર્તે ધ્વજારોહણ. ધ્વજારોહણ તેમજ બન્ને દિવસની સાધર્મિક ભક્તિના લાભાર્થી માતુશ્રી બાયાંબાઈ ગોવિંદજી લોડાયા પરિવાર હસ્તે અનિતા જીવરાજ લોડાયા.

# ઉપાધ્યાય પદે આરૂઢ થયા બાદ શિવમસ્તુ તીર્થે સૌ પ્રથમ ચાતુર્માસ પ્રવેશ તા.૧૧ જુલાઈના રોજે

સમ્યગ દર્શન, શાસન પ્રેમ, સંસ્કૃતિની દાઝ, શ્રમણ પ્રધાન શ્રી સંઘ વ્યવસ્થા, ભવ્ય આદર્શ ઈતિહાસનું પુનરાવર્તન માનવજન્મની સાર્થકતાથી માંડીને વિનય, વિવેક, ધર્મ અને ધર્મ પ્રવૃત્તિના ભેદ-રહસ્યોને ખુમારી ભર્યા પ્રવચનોથી ખૂલ્લા કરી લોક હૈયે જબરી ચાહના મેળવનારા મહાત્મા પ.પૂ.ઉપાધ્યાય ભગવંત શ્રીપૂર્ણ ભદ્રસાગરજી મ.સા., તપસ્વી મુનિરાજ પ.પૂ.શ્રી હિતવર્ધન સાગરજી મ.સા. માંડવી કચ્છ પરિસરના શિવમસ્તુ તીર્થે ચાતુર્માસ પ્રવેશ કરશે.

સાથો સાથ તે જ દિવસે પ.પૂ.ઉપાધ્યાય ભગવંત શ્રીના સંસારિક બા મહારાજ જેઓ ૯૧ વર્ષની વયોવૃધ્ધ અવસ્થા ધરાવે છે અને ૪૮-૪૮ વર્ષોનો દીર્ઘ સંયમ પર્યાય ધરાવે છે એવા શાંત મૂર્તિ પરમ વૈરાગી પ.પૂ.સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી મ.સા. તથા વ્યવહાર કુશલા, કોમળ હૃદયશ્રી પરમ પૂજ્ય સાધ્વીશ્રી મહાપદમ ગુણાશ્રીજી મ.સા. અને મધુર વ્યાખ્યાત્રી સેવાનિષ્ઠ પ.પૂ.સાધ્વીશ્રી મૈત્રીગુણાશ્રીજી મ.સા. ઠાણા-૩ પણ શિવમસ્તુ તીર્થે સવારે ૯ થી ૧૨ અનુમોદન સમારોહ દરમ્યાન વાજતે ગાજતે ભવ્ય ચાતુર્માસ પ્રવેશ કરશે. આમંત્રિત શ્રી સંઘોને અને ગુરૂ ભક્ત પરિવારોને ભાવથી પધારવાનું નિમંત્રણ શ્રી શિવમસ્તુ તીર્થ સંચાલકો દ્વારા અપાયું છે.

# તેલગંણા પ્રાંતના હૈદ્રાબાદ ચૈતન્યપુરી સંઘ મધે ચાતુર્માસ પ્રવેશ





અષાઢ સુદ ૩ શુક્રવાર તા.૧ જુલાઈના સલુણી સવારે ૮ કલાકે સમયે તેલગંણા રાજ્યના પાટનગર હૈદ્રાબાદ નગરના ચૈતન્યપુરી સંઘમાં વાસુપૂજ્ય સ્વામી જૈન મંદિરમા પ.પૂ. સાધ્વીશ્રી વિજયપૂર્ણાશ્રીજી મ.સા. આદિ પૂજ્યોનો ચાતુર્માસ પ્રવેશ હરખભેર સાથે થયો. આ અવસરે સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી કીર્તિભાઈ ધનજી ધરમશી, કદઓ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના પ્રમુખ નયનભાઈ અશોક ભેદા, માનદમંત્રી ચેતન મોતા, વારાપધર મહાજનના





ટ્રસ્ટીઓ, પદાધિકારીઓએ આ પ્રસંગે વિશેષ ઉપસ્થિત રહી પ્રસંગની શોભા વધારી હતી. ચૈતન્ય પુરી સંઘ તરફથી પધારેલ મહેમાનોને સાફા પહેરાવી સ્વાગત કર્યું હતું.

ચાતુર્માસ સંઘપતિના મુખ્ય લાભાર્થી માતુશ્રી લક્ષ્મીબાઈ પ્રેમજી નરશી છેડા, પ્રેમલક્ષ્મી પરિવાર, મોટા લાયજા, શ્રીમતી મંજુલાબેન ઉત્તમચંદ નરશી મોમાયા પરિવાર, વારાપધર



# પ.પૂ.સાધ્વી ભગવંત શ્રી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪નો યવતમાળ સંઘમાં નગરપ્રવેશ થયો





તા.30 જૂન ગુરૂવારના સવારે ૬ વાગે પ.પૂ. સાધ્વી ભગવંત શ્રી સંયમ ગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪નો ચાતુર્માસાર્થે યવતમાળ નગર પ્રવેશ દ્વારવ્હા રોડ સ્થિત રેલ્વે ફાટક, દર્ડા નગર પાસેથી રાજેન્દ્ર નગર સ્થિત અચલગચ્છ ભવનમાં થયો. સંઘના શ્રાવક શ્રાવિકાઓ અદ્‌ભૂત ઉત્સાહ સાથે સાહેબોનું સામૈયું કરી આગમનને વધાવ્યું હતું.





# ચાલીસગામ સંઘના પદ્મપ્રભ સ્વામી જિનાલયમાં ૧૮ અભિષેક દ્વારા ધર્મ આરાધનાનું આયોજન થયું

મહારાષ્ટ્ર રાજ્યના ખાનદેશ પ્રાંતના ચાલીસગામ સંઘના પદ્મપ્રભ સ્વામી જિનાલયમાં ૧૮ અભિષેકની ધર્મ આરાધનાઓનું આયોજન વિધિકાર પ્રવીણ સાવલાના સથવારે યોજાયેલ. અદ્‌ભૂત ધર્મભાવના માહોલમાં ઉપસ્થિત સૌ તન્મય થઈ જઈ લાભ લીધો હતો.



# ભાંડુપમાં શ્રી સચ્ચાઈ માતાની પેડીમાં મુંબઈ જ્ઞાતિ મહાજનના લાગાના કાઉન્ટરને ઉત્કૃષ્ટ પ્રતિસાદ મળ્યો



શ્રી દંડ પરિવારના શ્રી સચ્ચાઈ માની પેડી જૈનમ હોલ ભાંડુપમાં યોજાઈ. આ કાર્યક્રમમાં શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના લાગા કાઉન્ટર પર દિનેશ રામજી લોડાયા સાથે વિનય લોડાયા તથા ફાલ્ગુન ખોનાએ સારી જહેમત ઉઠાવેલ.

દંડ પરિવારના ખૂબજ હકારાત્મક પ્રતિસાદ સાથે મોટા ભાગના પરિવારોએ પાંચ વર્ષના લાગા એક સામટા ભરીને સુંદર સહકાર આપેલ.


મહાજનશ્રીની લાગા સમિતિએ આ નવી પ્રથા શરૂ કરી છે. અગાઉ જ્ઞાતિની પરંપરા મુજબ દર વર્ષે કુટુંબ દીઠ લાગા પ્રથા મસ્જિદબંદર ખાતે લેવાતા હતા. હવે જ્ઞાતિજનોને સરળ સુયોગ્ય વ્યવસ્થા મળી રહે એ માટે એક નવી યોજના પ્રમાણે જે મુજબ દરેક જ્ઞાતિજન ઓનલાઈન પેમેન્ટ કરી લાગા ભરી શકે છે તે ઉપરાંત જ્યારે જ્યારે જ્ઞાતિના મોટા પ્રસંગો થશે ત્યાં પણ લાગા ભરવા માટે એક કાઉન્ટર પણ રાખવામાં આવે છે ત્યાં જ્ઞાતિજનો પોતાના પરિવારના લાગા ભરી શકે છે.

---

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**ઉત્તમચંદ લોડાયા**
તા.૨૪ જૂન (ઉ.૬૫)
કચ્છ-સાંધાણ



**હંસા શાહ**
તા.૨૪ જૂન (ઉ.૭૧)
નલિયા-મહાલક્ષ્મી



**મીનાબેન મોતા**
તા.૨૬ જૂન (ઉ.૬૮)
તેરા-ભાંડુપ



**રતન લાલકા**
તા.30 જૂન (ઉ.૯૦)
વાડાપધ્ધર-આદિપુર

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા




● અબડાસાના મુખ્ય મથક નલિયા ખાતેના સરકારી તાલુકા પુસ્તકાલયને સરકારી તાળાબંધી કરી દેવામાં આવતા વાંચન રસિયાઓ નિરાશ થયા છે. ગુજરાતી અંગ્રેજી ભાષાના શિખર વાંચનના પુસ્તકો આ પુસ્તકાલયમાં રાખવામાં આવ્યા છે પણ લાયબ્રેરિયન સહિતનો સહાયક સ્ટાફ ન હોતા ભાડાના મકાનમાં કાર્યરત એવા આ પુસ્તકાલયને બંધ કરી દેવાતા વાંચન રસિયાઓની મનગમતી સુવિધા છીનવાઈ ગઈ છે. અત્રે કોન્ટ્રાક્ટ બેઝથી કર્મચારીઓ રોકવામાં આવે છે. જેના કોન્ટ્રેક્ટની મુદ્દત પૂરી થતાં વિકલ્પે નવા કોઈ કામદારો નીમવામાં ન આવતા અથવા કોન્ટ્રાક્ટનો પરવાનો તાજો કરવામાં ન આવતા આ કારણોસર તાલુકા પુસ્તકાલયને તાળા લાગી ગયા છે.

● સ્પેનમાં એમબીએનો અભ્યાસ પૂર્ણ કરીને ગઢશીશાના યુવાન સ્મિત જિજ્ઞેશ દેઢિયા મલ્ટીનેશનલ કંપનીમાં જોબ કરવાને બદલે માદરે વતનમાં જઈને ખેતી ક્ષેત્રમાં ઝંપલાવ્યું અને પ્રગતિશીલ ખેડૂત તરીકે સફળતા મેળવી છે. તેણે ખેતીની પરંપરાગત પધ્ધતિના બદલે ઈઝરાયેલની પધ્ધતિ ૧૪ એકરના ફાર્મમાં અપનાવી છે અને કમલમ ફળ (ડ્રેગન ફ્રુટ)નું ઉત્પાદન કરે છે. ખેતીનું કંઈ જ્ઞાન ન હતું એટલે ઓનલાઈન રિસર્ચ કરીને દેશ-વિદેશના ખેડૂતો સાથે ઓનલાઈન ચેટીંગ કરીને જાણકારી મેળવી. યૂટ્યૂબ પણ જ્ઞાન મેળવવાનો સારો સોર્સ છે. તેમની ફાર્મની મલ્ટિનેશનલ કંપનીઓના ઓફિસરો મુલાકાત લે છે.

● ગુજરાત સ્થાપના દિન નિમિત્તે વી. હેલ્પના સહયોગથી યોજાયેલી ઓનલાઈન ચિત્ર સ્પર્ધામાં માંડવી તાલુકાના મમાય મોરા ગામની છાત્રા આર્મી જગદીશભાઈ સોની ને રાજ્યમાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત થયો હતો. ગુજરાતીની સંસ્કૃતિ વિષય પર ચિત્ર સ્પર્ધામાં વિજેતા થતાં અમદાવાદ ખાતે સન્માન પત્ર અને આકર્ષક ઈનામોથી સન્માન કરાયું હતું.

● મુંદરા બારોઈ નગરપાલિકા વિસ્તારમાં આવતા અરિહંત નગરમાં સાર્વજનિક પ્લોટમાં ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્રના મેનેજિંગ ટ્રસ્ટી જીવદયા પ્રેમી મહેન્દ્રભાઈ સંગોઈ દ્વારા ૨૫ લાખના ખર્ચે બગીચો બનાવાશે. જેનું ખાતમુહૂર્ત મુંદરા માંડવીના ધારાસભ્ય વીરેન્દ્ર સિંહ જાડેજાના હસ્તે કરાયું. આ ઉદ્યાનમાં ભૂલકાઓ માટે રમત ગમતના સાધન, સિનિયર સિટીઝન માટે ખાસ સુવિધાઓ, જીમના સાધનો સહિતનો અદ્યતન બગીચો છ મહિનામાં તૈયાર થઈ જશે. ઉદ્યાનનું નામ સંઘના પાયાના પથ્થર સ્વ.નાનાલાલ વિશનજી ગોર ઉદ્યાન નામ સુવર્ણ અક્ષરે અંકિત કરવામાં આવશે.

● સંરક્ષણની દ્રષ્ટિએ મહત્વનો એવો ભુજ નલિયા બ્રોડગેજ પ્રોજેક્ટ અત્યાર સુધી પીપીપી મોડલની આંટી ઘૂંટીમાં અટવાયેલો હતો. આખરે ૧૩ વર્ષ બાદ હવે રેલવે દ્વારા આ અધૂરો પ્રોજેક્ટ પૂરો કરવા નિર્ણય લેવાયો છે. કચ્છના છેવાડાનો દરિયાઈ વિસ્તારમાં આ રેલવે સેવા થકી રાષ્ટ્ર સાથે હવે સીધી રીતે જોડાશે. આ કામ માટેના રૂા.૧૫૫ કરોડના ખર્ચના ટેન્ડર જારી કરાયા છે અને સંપૂર્ણ પ્રોજેક્ટ ૧૮માસમાં પૂરો કરવાની સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે. ભુજથી દેશલપર સુધીની લાઈન તૈયાર થઈ તેની ઉપર માલગાડી પણ દોડી હતી પરંતુ દેશલપરથી નલિયા સુધીના બાકી કામનો મુદ્દો ગૂંચવાયો હતો. રેલવેના નવા નિયમ મુજબ જે પણ ગેજ રૂપાંતરની કામગીરી કરવામાં આવે તેમાં વિદ્યુતીકરણનો પણ સમાવેશ કરવામાં આવે છે.

● ૪૨ થી ૪૫ ડિગ્રી તાપમાનમાં સીમાડા વિસ્તારમાં ઠંડુ પાણી પશુજીવોને મળી જાય તો હાશકારો વળે. માંડવી તાલુકાના કાઠડા અને નાના લાયજા ગામના સીમાડા વચ્ચે જીવદયા પ્રેમી પરિવારના વનરક્ષક નવીન જશાજભાઈ ચારણએ વોટસએપ સ્ટેસના માધ્યમથી ભંડોળ એકઠું કરીને વગર લાઈટ પવનક્કી લગાવી સૂઝબૂઝથી સીમાડામાં મીઠાપાણીના અવાડા ભરે છે. ત્રણેક વર્ષ અગાઉ ડંકી લગાવીને રોજ બે ટાઈમ અબોલ જીવો માટે અવાડામાં પાણી ભરતા હતા. ત્યારે પવનચક્કી લગાવવાનો ખ્યાલ આવ્યો અને વોટ્સએપના માધ્યમથી ત્રીસેક હજારના ખર્ચે પવનચક્કી દ્વારા ગાયો, ભેંસો, બકરી, ઊંટો માટે અવાડામાં પાણી ભરે છે. અગાઉ બાયઠ ગામે પણ જંગલ વિસ્તારમાં પણ આવી જ રીતે પવનચક્કી દ્વારા અવાડા ભરાય તેવી વ્યવસ્થા કરી છે. આ સેવા નોકરી સિવાયના સમય અને જાહેર રજાના દિવસોમાં જીવદયાના કાર્યો આદરે છે.

● કેન્દ્ર સરકારની પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના વર્ષ ૨૦૧૬થી લાગુ થઈ છે. એ યોજના અંતર્ગત કચ્છ જિલ્લામાં ૧૧૮૧૬૬ મહિલા લાભાર્થીને ગેસ જોડાણ પ્રાપ્ત થયા છે. જિલ્લાના અમુક દુર્ગમ વિસ્તારો જેવા કે ખાવડા બન્ની, ખડીર વિસ્તાર, ભચાઉ, લખપત તાલુકાના અંતરિયાળ વિસ્તારો છે. તેમજ અન્ય તાલુકાના માલધારી પરિવારો જેમની પાસે સ્થાયી રહેઠાણ કે પાકું પ્લેટફોર્મવાળું રસોડું ન હોય તો ધારાધોરણ મુજબ અને સુરક્ષાના કારણોસર કનકશન અપાઈ શકતા નથી.


Sure Safety
Complete Safety Solutions
ONE STOP SAFETY SOLUTION PROVIDER
ALL INDIA DEALERS WANTED
Drive your growth with India's biggest PPE brand SAVIOUR
Freedom Helmet
Saviour Electric Arc Suit
Saviour Safety Harness
Saviour Foldable Ear Muffs
Di-electric Boots
Saviour Work-wear Cotton Coverall
Saviour Safety Glasses
Flash Lights
Saviour 'PRO' BA Set with Composite Cylinder
Saviour Chem Pro Gloves
N95 Mask
Saviour Lion Safety Shoes
We manufacture India's biggest & most trusted PPE brand SAVIOUR
Reliable | Transparent | Assured Guarantee
SAVIOUR
Performing PPE
Contact: + 91 8511495152 | sales@suresafety.com | www.suresafety.com

Shri Raichand Hansraj Dharamshi
CHARITABLE TRUST

સહર્ષ રજૂ કરે છે



# RHD
# ઉન્નતિ લોન
## વ્યાજ મુક્ત

ઝડપી અને વ્યાજ મુક્ત વ્યવસાય લોન
વડે તમારા ઉદ્યોગ ને વિસ્તૃત અને સુરક્ષિત કરો.

શુભ શરૂઆત : ૪થી જુલાઈ ૨૦૨૨

ઓછામાં ઓછું કર્જ રૂા. ૫૦,૦૦૦/- અને
વધુમાં વધુ કર્જ રૂા. ૫,૦૦,૦૦૦/- સુધી.

વ્યાજ દર ૯.૫% p.a. રહેશે જે સંસ્થા ભરશે.

પ્રોસેસીંગ ફી ૧% કર્જની રાશીની જે સંસ્થા ભરશે.

કર્જદારે માત્ર મુદ્દલના હપ્તા ભરવાના રહેશે.

સાથે જોડાણમાં

ARIHANT BANK
SHRI ARIHANT CO-OP. BANK LTD.
Estd 1984

Head Office : GB 10A & B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai – 400 083
T : 022 25799326 / 9619486622 | F : 022 25799323

વિશેષ જાણકારી પ્રાપ્ત કરવા આપશ્રીને નમ્ર વિનંતી કૃપા કરીને શ્રી અરિહંત બેંકની કોઈપણ શાખાનો સંપર્ક કરો.

| | | | | |
|---|---|---|---|---|
| મસ્જીદ બંદર 86526 30384 | માટુંગા (સે.રે.) 86526 30389 | ઘાટકોપર 86526 30383 | ભાંડુપ 86526 30381 | મુલુંડ 86526 30382 |
| થાને 86526 30388 | ડોંબીવલી 86526 30386 | બોરીવલી 86526 30390 | મોહીલી વિલેજ 86526 30385 | વાશી 86526 30387 |

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)